ક્રમાંક: જમન/૨૯-સી/બ/ ૧૧૦૪-૦૧ /૨૦૨૨-૨૩,
અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ની કચેરી,
ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન બ્લોક નં. એ-૩
ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ સામે,
સેકટર ૧૦, ગાંધીનગર, તા. ૩૧ /૦૫/૨૦૨૨

**વિષય**:- Diversion of 0.3750 ha. forest land for approach road for Salt pan at Block no.50, Nagarnar nu jangal in favour of M/s Saurashtra Chemical Division of Nirma Limited, Khijadiya Salt works, Khijadiya, Ta.Jamnagar, Dist.Jamnagar Gujarat State.

**સંદર્ભ**:- મુખ્ય વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગરના પત્ર ક્રમાંક: અ/જમન/ટે.૭/૧૭૪-૭૬/૨૦૨૧-૨૨, તા.૨૦-૦૫-૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુંસંધાને જણાવવાનું કે, સંદર્ભ પત્રથી વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ વન જમીનના ડાયવર્ઝન હેક. ૦.૩૦૫૦ ની સૌરાષ્ટ્ર કેમિકલ્સ, ખીજડીયા સોલ્ટ વર્કસ , ખીજડીયાની દરખાસ્ત અત્રે સાદર કરવામાં આવેલ છે. સદરહુ દરખાસ્તની અત્રેથી ચકાસણી કરતા તેમા નીચે મુજબની અધુરાશ જણાય છે. તેથી તેની પૂર્તતા પૂર્ણ કરી દરખાસ્ત સાદર કરવી. અસલ દરખાસ્ત ચાર પ્રતમાં આ સાથે સામેલ રાખી પરત કરવામાં આવે છે.

(૧) પ્રસ્તુત દરખાસ્તમાં સાદર કરેલ એનેક્ષરોમાં પેજ નંબર આપવામાં આવેલ નથી, થી દરખાસ્તમાં એકી નંબર પ્રમાણે પેજ નંબર આપી દરખાસ્ત સાદર કરવી.

(૨) પ્રસ્તુત દરખાસ્તમાં બનાવવાનું થતુ ચેકલીસ્ટ બનાવેલ નથી, જેથી એનેક્ષરો પ્રમાણે ચેકલીસ્ટમાં પેજ નંબર નાખવા.

(૩) યુઝર એજન્સી ધ્વારા સાદર કરેલ ડિમાન્ડ નોટ, ફોર્મ-એ, પાર્ટ-૧ માં માંગણીવાળા વિસ્તારનો કોઇ ઉલ્લેખ કરેલ નથી જેમાં માંગણી મુજબનો એરીયા દર્શાવી સાદર કરવુ.

(૪) મુખ્ય વન સંરક્ષકશ્રીના રિકોમેન્ડેશન પાર્ટ-૩માં સહી કરનારનું નામ અને પ્રસ્તુત દરખાસ્તની વિગત હેક્ટર સાથે દર્શાવવાની થાય છે, જે દર્શાવેલ નથી. તેમજ તે મુજબ ઓનલાઇનમાં પણ ફેરફાર કરવા.

(૫) દરખાસ્તમાં સામેલ ગેજેટ નોટીફિકેશનમાં લાગુ પડતો ભાગ હાઇલાઇટ કરવાનો થાય છે, જે હાઇલાઇટ કરી એનેક્ષર-૬ માં સાદર કરવુ.

(૬) એનેક્ષર-૭ માં લંબાઇ-પહોળાઇ સાથેનો કુલ એરીયા દર્શાવી એરીયા ગણતરી પત્રક સામેલ રાખવુ.

(૭) એનેક્ષર-૧૪ માં જો CRZ ક્લિયરન્સ માટે એપ્લીકેશન કરવામાં આવી હોય તો તે એપ્લીકેશનની નકલ સામેલ રાખવી.

(૮) એનેક્ષર-૧૫ માં સાદર કરવાના થતાં પ્રમાણપત્ર માટે નોન-લીનીયર પ્રોજેક્ટ માટેનું "ના વાંધા પ્રમાણપત્ર" સામેલ રાખેલ છે. પ્રસ્તુત દરખાસ્ત લીનીયર પ્રોજેક્ટ હોઇ ભારત સરકારશ્રીની નવી ગાઇડલાઇનમાં આપવામાં આવેલ નમૂના મુજબનું પ્રમાણપત્ર મેળવી સામેલ રાખવુ.

(૯) એનેક્ષર-૧૬ માં સામેલ ગર્થવારી પત્રકમાં જરૂરી ચકાસણી કરી કુલ કાપવાના થતા વૃક્ષો દીઠ ગર્થની સે.મી. બતાવી નવુ ગર્થવારી પત્રક સામેલ રાખવુ.

(૧૦) એનેક્ષર-૨૫ માં જણાવ્યા મુજબ પ્રસ્તુત દરખાસ્તનો માંગણીવાળો એરીયા મરીન સેન્ચ્યુરીથી ૩૦ મીટર દુર હોઇ વાઇલ્ડ લાઇફની મંજુરી બાબતે કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ એનેક્ષર-૨૫ માં સાદર કરવો.

(૧૧) એનેક્ષર-૩૨ અને ૩૪ માટે સાદર કરવાનો થતો DGPS અને જીઓ-રેફરન્સ મેપ સબમીટ કરેલ નથી તેમજ નોન-એપ્લીકેબલ દર્શાવેલ છે તો જેમાં મેપ સામેલ રાખવા.

(૧૨) યુઝર એજન્સી ધ્વારા પ્રસ્તુત દરખાસ્તમાં નાયબ વન સંરક્ષકશ્રી ધ્વારા તા.૧૬/૦૮/૨૦૧૯ ના રોજ સાદર કરેલ હતી. જે દરખાસ્તને અત્રે સાદર કરતાં ૨ વર્ષથી વધુનો સમયગાળો વ્યતિત થયેલ છે, તો તે વિલંબ થવાના કારણો સહિતનો અહેવાલ સાદર કરવો.

(૧૩) ઓનલાઇનમાં સામેલ જસ્ટીફિકેશ અને દરખાસ્તમાં સામેલ જસ્ટીફિકેશનમાં અલગ-અલગ હોઇ ચકાસણી કરી ફેરફાર કરવા.

**(ડૉ. જયપાલ સિંહ)**
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
મરીન નેશનલ પાર્ક, જામનગર

**નકલ રવાના**:- નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂ.